Capital World (Gujarati) Pg 11, 19th Aug 2022

# ક્રિપ્ટોકરન્સી બજારમાં ફંડામેન્ટલ્સથી વિપરિત ટ્રેડિંગ

**કેપિટલ સંવાદદાતા તા.૧૮**

યુરોપિયન યુનિયનમાં ફુગાવો અત્યાર સુધીમાં સૌથી વધુ આવ્યો છે. તેથી ફંડામેન્ટલ્સની દષ્ટિએ શેરબજારથી લઈને ક્રિપ્ટોકરન્સી બજારમાં ઘટાડો થવો જોઈએ. પરંતુ પરિસ્થિતિ ગુરુવારે વિપરિત જોવા મળી હતી અને અગ્રણી ક્રિપ્ટોમાં વધારો જોવા મળ્યો હતો.

## » ભારતીય 3.0 વર્સનો આઈસી ૧૫ ઈન્ડેક્સમાં ૦.૪૧ ટકાનો વધારો

જોકે, સાપ્તાહિક ધોરણે હજી પણ બિટકોઈન અને ઈથેરિયમમાં ઘટાડો જ છે. તેમ જ અન્ય અગ્રણી અલ્ટકોઈન્સમાં પણ ઘટાડો છે પરંતુ ગુરુવારે આંશિક રિબાઉન્ડ થયા હતા.



ક્રિપ્ટો નિષ્ણાતોનું કહેવુ છે કે યુકેમાં ફુગાવો ચાર દાયકાની ટોચે પહોંચ્યો તો ક્રિપ્ટોમાં ઘટાડો થયો હતો પરંતુ યુરોપિયન યુનિયનના આંકડાની અસર પડી નહીં કારણ કે અમેરિકામાં વ્યાજ દરમાં વધુ વધારો થશે એવી સંભાવના ઓછી થઈ છે.

જયારે3.0 વર્સનો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેકસ - આઈસી૧૫ગુરુવારે સાંજેઆઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૦.૪૧ ટકા (૧૩૮ પોઈન્ટ્સ) વધીને૩૪,૬૪૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

**ક્રિપ્ટો કરન્સીના ભાવ**

| ક્રિપ્ટો કરન્સી | ભાવ (ડોલરમાં) | ભાવ રૂપિયામાં | છેલ્લા ૨૪ કલાકમાં વધ-ઘટ ટકામાં | છેલ્લા અઠવાડિયામાં વધ-ઘટટકામાં |
|---|---|---|---|---|
| બિટકોઇન (BTC) | ૨૩,૪૬૩.૪૨ | ૧,૮૭૧,૯૫૬.૧૯ | ૦.૬૬ | -૪.૫૯ |
| ઈથેરિયમ (ETH) | ૧,૮૬૩.૦૩ | ૧૪૮,૬૨૯.૩૩ | ૨.૧૩ | -૧.૯૯ |
| બિનાસ કોઇન (BNB) | ૩૦૮.૩૯ | ૨૪,૫૭૧.૪૩ | ૦.૭૮ | -૬.૬૯ |
| XRP | ૦.૩૮ | ૨૯.૯૮ | ૧.૮૨ | -૧.૪૮ |
| ડોજીકોઇન | ૦.૦૮૧૦ | ૬.૪૬ | -૦.૯૩ | ૧૧.૧૬ |
| લાઇટ કોઇન (LTC) | ૬૧.૦૩ | ૪,૮૬૩.૦૨ | ૧.૭૯ | -૨.૬૧ |